# બાઈબલની રૂપરેખા ભાગ-૧ --- દેવના વચનના ૬૬ પુસ્તકોનું અવલોકન


બાળકોને શિખવનારે સ્ટડી B3b નો અભ્યાસ કરવો.

**૧. બાઈબલના બધા ભાગો દર્શાવવા અને સમજપૂર્વક લાગુ કરવા.**

પ્રાર્થના : પવિત્ર આત્મા દેવ, તમારા વચનના જુદા જુદા ભાગો સમજવા મારી સહાય કરો જેથી હું તમારા ટોળાને તેનું અનુસરણ કરવામાં મદદરૂપ થઈ શકું.

**અ) બાઈબલ વિષે સત્ય**

- બાઈબલ બે ભાગોમાં સમાયેલો ઈશ્વરનો સંદેશો છે. પહેલો ભાગ જે જૂનો કરાર કહેવાય છે તે ૩૯ પુસ્તકોનો બનેલો છે અને હિબ્રુ અનેઅરેમીક ભાષામાં લખાયેલો છે. (અરેમીક એપ્રાચીન સિરિયાની ભાષા છે જે હિબ્રુને મળતી છે ) નવો કરાર ૨૭ પુસ્તકોનો બનેલો છે અને ગ્રીક ભાષામાં છે.



- જૂનો કરાર ઈસ્ત્રાએલી લોકોને ઈસુના આગમન માટે તૈયાર કરવા માટે હતો. મૂળભૂત આત્મિક બાબતોનું શિક્ષણ તેમાં છે અને તે સ્પષ્ટ કરે છે કે માનવીય પ્રયત્નો વડે તેઓ દેવનો નિયમ પાળી શક્યા નથી.
- નવા કરારમાં ઈસુનું જીવન અને કાર્યો આપેલા છે અને તેના શરૂઆતના શિષ્યોના કાર્યો આપેલા છે.

**બ) જૂના અને નવા કરારમાં સાહિત્યનો પ્રકાર-**

**જૂનો કરાર**

- કરારનું મૂળ, જગતની ઉત્પત્તિ, ઈસ્ત્રાએલના આદિપુરૂષોનો ઈતિહાસ અને દેવનો પ્રાચીન નિયમ. મુસાના પાંચ પુસ્તકો, ઉત્પત્તિથી પુર્નનિયમ
- **ઈતિહાસ**ના પુસ્તકો- પ્રાચીન ઈસ્ત્રાએલના રાજયની વાતો ૧૨ પુસ્તકો-યહોશુઆથી એસ્તેર
- **સંદેશા અને સૂચનો.** હેબ્રી કાવ્યો -અયૂબથી ગીતોનું ગીત
- **પ્રભોધકો**-જૂના કરારના પ્રબોધકો-૧૭ પુસ્તકો. યશાયાહ થી માલાખી

**ગણના ૧૨:૬-૮માંથી શોધો** -'દેવે મુસા સાથે કેવી રીતે વાત કરી'

**પુનર્નિયમ ૩૪:૧૦** દેવે મુસાને બીજા પ્રબોધકો સાથે કેવી રીતે સરખાવ્યો.

યો. ૧:૧૭ માંથી શોધો- દેવે મુસાને ઈસુ સાથે કેવરીતે સરખાવ્યો. મુસા જૂના કરારનો સૌથી મોટો પ્રબોધક હતો. બીજા પ્રબોધકોએ મુખ્યત્વે મુસાના નિયમોને સમજાવ્યા છે કે અપનાવ્યા છે.

**નવો કરાર**

- કરારનું મૂળ પ્રભુ ઈસુનું કામ અને શિક્ષણ, ૪ પુસ્તકો માત્થી થી યોહાન
- **ઈતિહાસ**- પ્રરિતોની મંડળી, ૧ પુસ્તક પ્રેરિતોના કૃત્યો
- **સંદેશા અને સૂચનો**- નવી મંડળીઓને અને આગેવાનો ને પત્રો - રૂમીથી યહુદાહ
- **પ્રબોધકીય**-પ્રેરિત યોહાનનું દર્શન-૧ પુસ્તક પ્રકટીકરણ

**(સી) પાંચ બાયબલના કરારો દ્વારા દેવનો માણસ સાથેનો વ્યવહાર**

**<u>૧. સ્વ-સત્તાનો કરાર.</u>** માણસની પ્રેરકબુધ્ધિ મારફતે. આદમ સાથે કરવામાં આવ્યો આદમથી ઈબ્રાહીમ ઉત્ત.૧-૧૨ અધ્યાય.

**શરૂઆત** દેવે પ્રથમ માનવને ક્હયું કે જો તું ભલુ-ભૂંડુ જાણવાના ઝાડનું ફળ ખાઈશ તો તું મરીશ. શેતાને જૂઠા ધર્મોનું જૂઠાણું કહ્યું, 'તમે નહીં જ મરશો. તમે દેવ જેવા થશો.' ઉત્તઃ૧૬-૧૭ અને ૩ઃ૫

**પરિણામો** આદમે આજ્ઞાભંગ કર્યા પછી માણસો ભલું-ભૂંડુ જાણનારા થયા. જૂના અને નવા કરારના બધા યુગોમાં શેતાન માણસને સ્વપ્રયત્નો દ્વારા સંપૂર્ણ બનવા તરફ પ્રેરે છે. જેથી તેઓ મરે, ન્યાયનો સામનો કરે અને નાશમાં જાય. પણ દેવ જે લોકો તેના પર હાબેલની જેમ વિશ્વાસ કરે છે તેઓને હંમેશા બચાવે છે તેણે રક્તના બલિદાન તરીકે નિર્દોષ અર્પણ દેવને ચઢાવ્યું. જળપ્રલય પછી દેવે માનવ રાજના નિયમો આપ્યા. ખૂનીને દેહાંતદંડ આપવાની આજ્ઞા આપી.ઉત્ત ૯ઃ૬

ઉત્ત૨ઃ૧૬માં જૂઓ કે દેવના કહ્યા પ્રમાણે જો આદમ આજ્ઞા તોડે તો શું થવાનું હતું.

**<u>૨. કૃપાનો કરાર</u>** કૃપા વિશ્વાસથી છે. આ કરાર ઈબ્રાહીમ સાથે કરવામાં આવ્યો. ઉત્ત૧૨ થી માંડીને આખા બાઈબલમાં આ કરાર વિષે છે.

**શરૂઆત** ઈબ્રાહીમે દેવના બોલવા પર વિશ્વાસ કર્યો અને તે તેના લાભમાં ન્યાયપણાને અર્થે ગણવામાં આવ્યો. ઉત્ત ૧૨ઃ૧-૩ ૧૫ઃ૧-૬

**પરિણામો** ઈબ્રાહીમના સંતાન ઈસુ મારફતે દેવ દુનિયાના દરેક દેશના લોકોને આશીર્વાદ આપે છે.

- બાઈબલના જે કંઈ છે તે બધું તેના અંત સુધી આ કરારની પૂર્ણતા છે. જૂનો અને નવો કરાર ઈબ્રાહીમ સાથેના દેવના કરારના પાયા ઉપર છે.
- બંને કરારો-જૂનો અને નવો-તેમાં જે માણસો વિશ્વાસુ રહ્યા છે તેઓને દેવે પોતાની જીવન બદલનારી કૃપા વડે બચાવ્યા છે.

**૩. જૂનો કરાર** નિયમની સત્તા. નિર્ગ ૨૦થી જૂનો કરાર આખો.

**શરૂઆત**-દેવે સિનાઈ પર્વત ઉપર, મુસા દ્વારા, ઈસ્ત્રાએલ પ્રજાને જૂના કરારનો નિયમ આપ્યો.

**પરિણામો** - જૂના કરારના નિયમો પૂર્ણ રીતે ઈસુ સિવાય કોઈ પાળી શક્યું નથી. પાપ મરણ લાવ્યું. જીવન નહિ. મુસાના નિયમથી સાંસારિક, ક્ષણિક, આશીર્વાદો મળતા હતા. માણસની મુખ્ય જરૂરિયાત - પાપની માફી - તેનું શિક્ષણ આ કરારમાં છે.

- દેવે ચમત્કારો વડે ગુલામ ઈસ્ત્રાએલી પ્રજાને મિસર માંથી કાઢી અને દેવથી ઉદ્ધાર પામેલાઆઓનું નવું રાષ્ટ્ર બનાવી.
- નવી આઝાદ થયેલી પ્રજા અરણ્યમાં ભટકવા લાગી અને સારું રાજ ચલાવવા માટે નિયમોની જરૂર પડી. નિર્ગ.૧૮-૨૦

**૪. આવનાર મસીહનો કરાર** દાઉદ સાથે કરવામાં આવ્યો. ૨ શમૂ. ૭ : ૮-૧૭

**શરૂઆત** દેવે દાઉદ રાજાને વચન આપ્યું કે તારા વંશનો એક રાજા આખી પૃથ્વી પર ન્યાયથી રાજ ચલાવશે. મસીહ શબ્દનો અર્થ દેવના આત્મા વડે અભિષિક્ત થયેલો માણસ.

**પરિણામો** દાઉદના વંશનો ઈસુ, જૂના અને નવા કરારની બધી પ્રતિજ્ઞાઓની પૂર્ણતા છે. બાઈબલમાં બીજાઓ કરતાં ઈસુ અને દાઉદ વિષે સૌથી વધારે લખેલું છે.

**યશા. ૯ :૬-૭ માંથી શોધો** - કોની રાજગાદી ઉપર દેવ સનાતન રાજ્ય સ્થાપશે ? (દેવે યશાયાહને આ પ્રકટીકરણ દાઉદ પછી સેંકડો વર્ષો પછી અને ઈસુ પહેલાં સેંકડો વર્ષો પૂર્વે આપ્યું.)

**માત્થી ૩ :૧૬-૧૭** ઈસુના શિષ્યોની કઈ સાક્ષીઓ દ્વારા સાબિત થાય છે કે ઈસુ દેવ તરફથી મોકલાયેલ ખાસ વ્યક્તિ હતો ?

૫. **નવો કરાર** સંપૂર્ણ સનાતન રાજ્ય કે જે વિશ્વાસીઓનું બનેલું છે નવા કરારના તમામ પુસ્તકો તે વિષે કહે છે.

**શરૂઆત** - પ્રભુ ભોજનની સ્થાપના કરતી વખતે પ્રભુ ઈસુએ આ નવા કરારની જાહેરાત કરી. ઈસુએ પોતે મરણ સહીને, મરણમાંથી સજીવન થઈને, બાપ પાસે આકાશમાં ચઢી જઈને અને આપણામાં રહેવા માટે પવિત્ર આત્મા મોકલી આપીને તેની સ્થાપના કરી.

**પરિણામો** - જે કોઈ માણસ પસ્તાવો કરે અને પ્રભુ ઈસુના નામ પર વિશ્વાસ કરે તે દેવના સનાતન રાજ્યમાં નવો જન્મ પામે છે. વિશ્વાસીઓ ઈસુના વિશ્વવ્યાપી માર્મિક શરીરના અંગો બને છે તેઓને ઈસુના લોહીમાં પાપોની માફી મળી છે. તેના પુનરુત્થાન વડે તેઓને નવું જીવન એટલે અનંતજીવન મળ્યું છે.

**યિર્મે. ૩૧ :૩૧-૩૪માં શોધો** - દેવના લોકો નવા કરાર મારફતે દોરાશે.

**યિર્મે. ૩૬** દેવે પોતાના વચનો જાણાવવા માટે માણસો અને ઘટનાઓનો ઉપયોગ કર્યો છે.

૨. **અઠવાડિયાની પ્રવૃત્તિઓનું સાથીદારો સાથે આયોજન**

- જે વિશ્વાસીઓ હજુ રોજ બાઈબલ વાંચતા નથી અને કૌટુંબિક પ્રાર્થના કરતા નથી તેમની પાસે જાઓ અને રોજની અને કૌટુંબિક પ્રાર્થના તમે જાતે શરૂ કરાવો.
- જો તેમની ભાષામાં હજુ બાઈબલનું ભાષાંતર થયું નથી અથવા તેઓને વાંચતા આવડતું નથી તો તેઓની મુલાકાત લઈ બાઈબલની વાર્તાઓ તેમને કહો જેથી તેઓ તે તેમના ઘરનાઓને અને મિત્રોને કહી શકે.

૩. **ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન**

યિર્મે. ૩૬ માંથી યિર્મેયાહના ઓળિયાની **વાર્તા કહો અથવા નિદર્શન કરો.**

પાંચ કરારોની **સમજૂતિ આપો.** તેઓની શરૂઆત, પરિણામો અને મુખ્ય બાબતો સમજાવો.

બાળકોને પોતાનું ગીત,નાટક અને પ્રશ્નો રજુ કરવા દો. **પ્રભુની મેજની સેવા માટે.** આદમથી માંડીને આખા બાઈબલમાં પાપ નિવારણ માટે દેવની જરૂરિયાત નિર્દોષ અર્પણના લોહીની છે તે સમજાવો. ૧કો. ૧૦ :૧૬ મુજબ આપણે પ્રભુની મેજમાં તેના શરીર અને રક્તમાં ભાગીદાર થઈએ છીએ ત્યારે આ મૂળ સત્ય યાદ કરીએ છીએ.

અઠવાડિયાની સેવાની **જાહેરાતો કરો.**

બે કે ત્રણના જૂથમાં **પ્રાર્થના કરો.**

૨ તિ. ૨ :૧૫ **મોઢે કરો.** તે દેવનું વચન યથાર્થ રીતે વાપરવા વિષે છે.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net